### અટલાદરાની માધવનગર સોસાયટીમાં દુર્ઘટના

# લિફ્ટ મેન્ટેનન્સ દરમિયાન કરંટ લાગતા યુવકનું મોત

## ફાયરબ્રિગેડે ભારે જહેમત બાદ બહાર કાઢ્યો મૃતદેહ



વડોદરાના અટલાદરા વિસ્તારમાં આવેલી માધવનગર પ્રધાનમંત્રી આવાસ યોજનાની સોસાયટીમાં લિફ્ટ મેન્ટેનન્સ દરમિયાન થયેલી દુર્ઘટનામાં એક યુવકનું કરુણ મોત નિપજ્યું હતું. સોસાયટીના ટેરેસ ઉપર આવેલા લિફ્ટ રૂમમાંથી દુર્ગંધ આવતા સ્થાનિકોએ તપાસ કરતાં અંદર એક યુવકનો મૃતદેહ દેખાયો હતો. ઘટનાની જાણ થતા અટલાદરા પોલીસ અને વડોદરા ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક સ્થળ પર દોડી આવી હતી. ભારે જહેમત બાદ મૃતદેહને બહાર કાઢી પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યો હતો. પ્રાથમિક તપાસમાં મૃતકની ઓળખ વિજય અમરીશભાઈ સોલંકી તરીકે થઈ હતી. વિજય માધવનગર સોસાયટીમાં જ રહેતો હતો અને લિફ્ટ મેન્ટેનન્સનું કામ કરતો હતો. પરિવારજનોએ જણાવ્યું હતું કે, છેલ્લા બે દિવસથી તે ગુમ હતો અને તેની શોધખોળ ચાલી રહી હતી. વિજય બે દિવસ પહેલા બપોરે ઘરેથી કામ માટે નીકળ્યો હતો, પરંતુ ત્યારબાદ ઘરે પરત ફર્યો નહોતો.

માહિતી અનુસાર, વિજય લિફ્ટના ઉપરના ભાગે મેન્ટેનન્સની કામગીરી કરી રહ્યો હતો ત્યારે અચાનક શોર્ટ સર્કિટ થતા તેને જોરદાર વીજ કરંટ લાગ્યો હતો. ઘટનાસ્થળે જ તેનું મોત નિપજ્યું હોવાનું સામે આવ્યું છે. લાંબા સમય સુધી મૃતદેહ અંદર જ રહેતા બોડી ડી કમ્પોઝ થઈ ગઈ હતી, જેના કારણે સમગ્ર વિસ્તારમાં દુર્ગંધ ફેલાઈ ગઈ હતી. ફાયર ઓફિસર નિકુંજ આઝાદે જણાવ્યું હતું કે, કોલ મળતા જ જી.આઈ.ડી.સી. ફાયર સ્ટેશનની ટીમ સ્થળ પર પહોંચી હતી. સૌથી પહેલા GEBની મદદથી ઈલેક્ટ્રિક કનેક્શન બંધ કરાવવામાં આવ્યું હતું, જેથી રેસ્ક્યુ કામગીરી સુરક્ષિત રીતે કરી શકાય. ત્યારબાદ ફાયર જવાનોએ લિફ્ટ રૂમમાંથી મૃતદેહને બહાર કાઢીને પોલીસને સોંપ્યો હતો. મૃતક વિજય સોલંકીના લગ્ન થયેલા હતા અને તેને બે સંતાનો હોવાનું જાણવા મળ્યું છે. પરિવાર મૂળ મુંબઈમાં રહેતો હતો, પરંતુ પાંચ વર્ષ પહેલા વડોદરા ખાતે વસવાટ કરવા આવ્યો હતો. ઘટનાને પગલે પરિવારજનોમાં શોકની લાગણી વ્યાપી ગઈ હતી અને સોસાયટીમાં પણ ભારે દુ:ખનો માહોલ છવાઈ ગયો હતો. પોલીસે સમગ્ર મામલે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. હાલમાં પોસ્ટમોર્ટમ રિપોર્ટની રાહ જોવામાં આવી રહી છે, જેથી મોતનું ચોક્કસ કારણ સ્પષ્ટ થઈ શકે.

### પ્રેમ, દગો અને હત્યાના ખૂની ખેલથી ધ્રાંગધ્રા હચમચ્યું

# પતિ અને સંતાનોને છોડી જેઠ સાથે ભાગેલી મહિલાએ પ્રેમી સાથે મળી જેઠની જ હત્યા કરી

## દોઢ વર્ષ જૂની સોપારીની વાત બહાર આવતા ક્રાઈમ બ્રાન્ચ પણ ચોંકી ઉઠી



સુરેન્દ્રનગર જિલ્લાના ધ્રાંગધ્રા તાલુકાના સોલડી ગામમાં થયેલી શાંતિગીરી ગોસ્વામીની રહસ્યમય હત્યાનો ભેદ અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે ઉકેલી કાઢતા સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચી ગઈ છે. પ્રેમસંબંધ, વિશ્વાસઘાત, સોપારી અને હત્યા બાદ પુરાવા નષ્ટ કરવાનો પ્રયાસ જેવી ઘટનાઓથી ભરેલો આ સમગ્ર બનાવ કોઈ ક્રાઈમ વેબ સિરીઝની કહાનીને પણ ટક્કર મારે એવો છે. ક્રાઈમ બ્રાન્ચે આ કેસમાં મુખ્ય આરોપી જાગૃતિ અને તેના પ્રેમી કાંતિ ઉર્ફે ભરત સાબરિયાની ધરપકડ કરી છે. તપાસમાં સામે આવ્યું છે કે ધ્રાંગધ્રામાં રહેતા સુખદેવગીરી ગોસ્વામીના લગ્ન જાગૃતિ સાથે થયા હતા અને દંપતીને બે સંતાનો પણ હતા. લગ્નજીવન દરમિયાન જાગૃતિને પોતાના જેઠ શાંતિગીરી ગોસ્વામી સાથે પ્રેમસંબંધ બંધાયા હતા. સમાજમાં બદનામી ન થાય તે માટે બંનેએ પોતપોતાના પરિવાર અને સંતાનોને ત્યજીને ઘર છોડ્યું હતું અને સોલડી ગામે સાથે રહેવા લાગ્યા હતા. બીજી તરફ, સુખદેવગીરીએ પત્ની અને ભાઈની શોધખોળ કરતાં વધુ પોતાના સંતાનોના ઉછેર પર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. શાંતિગીરી ટ્રક ડ્રાઈવર તરીકે કામ કરતો હોવાથી તે વારંવાર લાંબા રૂટ પર જતો અને ૨૦થી ૨૫ દિવસ સુધી ઘરથી દૂર રહેતો હતો. આ દરમિયાન જાગૃતિના અન્ય પુરુષો સાથે પણ સંબંધો બંધાયા હોવાનું તપાસમાં ખુલ્યું છે. શાંતિગીરીએ પોતાના મિત્ર અને સાથી ડ્રાઈવર કાંતિ ઉર્ફે ભરત સાબરિયાને એકલો ન લાગે તે માટે પોતાના ઘરે રહેવા બોલાવ્યો હતો. પરંતુ આ નિર્ણય જ તેની જિંદગી માટે ઘાતક સાબિત થયો હતો. શાંતિગીરીની ગેરહાજરી દરમિયાન જાગૃતિ અને કાંતિ વચ્ચે નજીકતા વધી અને બંને પ્રેમસંબંધમાં બંધાયા હતા. સમય જતા જાગૃતિ અને શાંતિગીરી વચ્ચે ઝઘડા વધવા લાગ્યા હતા. જાગૃતિ હવે કાંતિ સાથે કાયમી જીવન જીવવા માંગતી હતી અને તેથી શાંતિગીરીને રસ્તામાંથી હટાવવાનો પ્લાન ઘડાયો હતો. ૭ ઓક્ટોબર ૨૦૨૫ના રોજ શાંતિગીરી ટ્રક લઈને ઘરે પરત ફર્યો ત્યારે પૂર્વ આયોજન મુજબ જાગૃતિ અને કાંતિએ તેની સાથે ઉગ્ર બોલાચાલી કરી હતી. ત્યારબાદ બંનેએ મળીને તેને નીચે પાડી દીધો હતો અને ગળું દબાવી તેમજ ઓશીકાથી ગૂંગળાવી તેની નિર્દયતાથી હત્યા કરી નાખી હતી. હત્યાને અકસ્માત કે ગુમશુદગીમાં ફેરવવા માટે આરોપીઓએ મૃતદેહનો નિકાલ કરવાનો પ્લાન બનાવ્યો હતો. એ જ રાત્રે જાગૃતિને મળવા આવેલ સ્થાનિક યુવક દીપકને બંનેએ વિશ્વાસમાં લીધો હતો. ત્યારબાદ તેમના મિત્ર લલિત પાસેથી મેડિકલ ઈમર્જન્સીનું બહાનું બતાવી ગાડી મેળવી હતી. મૃતદેહને ગાડીમાં મૂકી સુરેન્દ્રનગર નજીકની કેનાલ સુધી લઈ જઈ પાણીમાં ફેંકી દેવાયો હતો. આ સમગ્ર ઘટનાક્રમને ગુપ્ત રાખવા માટે શાંતિગીરીનો મોબાઈલ બંધ કરી દેવામાં આવ્યો હતો.

આરોપીઓએ ગામમાં એવી અફવા પણ ફેલાવી હતી કે શાંતિગીરીને બહાર મોટું કામ મળ્યું છે અને તે બે વર્ષ માટે બહારગામ ગયો છે. સાથે જ ગામલોકોને એવો પણ વિશ્વાસ અપાવવામાં આવ્યો હતો કે તેનો નવો નંબર કોઈને આપવામાં આવશે નહીં. આ રીતે બંને આરોપીઓ સોલડી ગામમાં પતિ-પત્નીની જેમ રહેવા લાગ્યા હતા અને સામાન્ય જીવન જીવતા હતા. કેસમાં સૌથી ચોંકાવનારી વિગત ત્યારે બહાર આવી જ્યારે તપાસ દરમિયાન જાણવા મળ્યું કે હત્યાના દોઢ વર્ષ પહેલાં જાગૃતિએ શાંતિગીરીની હત્યા કરાવવા માટે પાલનપુર-ડીસાના યુનુસ મેમણ નામના વ્યક્તિને રૂપિયા ૨૫ હજારની સોપારી આપી હતી. જોકે યુનુસે હત્યા કરવાની હિંમત ન કરતાં, શાંતિગીરી ઊંઘતો હોય તેવા ફોટા પાડીને જાગૃતિને મોકલી આપ્યા હતા અને રૂપિયા લઈ લીધા હતા. શાંતિગીરી જીવતો ઘરે પરત ફરતા જાગૃતિને સમજાયું હતું કે યુનુસે તેને છેતરી દીધું છે.

અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચના પીઆઈ વી.બી. આલની ટીમે સુરેન્દ્રનગર કેનાલમાંથી મળેલા અજાણ્યા મુતદેહની તપાસ ફરી શરૂ કરી હતી. સ્થાનિક પોલીસ દ્વારા અકસ્માત મોત ગણાયેલા કેસમાં ક્રાઈમ બ્રાન્ચે ટેક્નિકલ સર્વેલન્સ, મોબાઈલ ડિટેઈલ્સ અને માનવ સૂત્રોના આધારે બે મહિના સુધી સઘન તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન યુનુસ મેમણ અને સોપારીની વાત સામે આવતા પોલીસે જાગૃતિને કસ્ટડીમાં લઈ પૂછપરછ શરૂ કરી હતી. કડક પૂછપરછમાં આખરે જાગૃતિ ભાંગી પડી હતી અને સમગ્ર હત્યાકાંડની કબુલાત કરી દીધી હતી. હાલ અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે મુખ્ય બંને આરોપીઓની ધરપકડ કરી આગળની કાર્યવાહી માટે સ્થાનિક પોલીસને સોંપવાની પ્રક્રિયા હાથ ધરી છે. જ્યારે મુતદેહના નિકાલમાં મદદ કરનાર દીપક અને ગાડી આપનાર લલિત આ કેસમાં મહત્વના સાક્ષી બન્યા હોવાનું સામે આવ્યું છે. સમગ્ર ઘટનાએ સુરેન્દ્રનગર જિલ્લામાં ભારે ચકચાર જગાવી છે અને લોકોમાં પણ અનેક ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે.

# અમદાવાદમાં મિત્રતાનો કરૂણ અંત, સામાન્ય બોલાચાલી બની જીવલેણ, દાણીલીમડામાં યુવાનની છરીના ઘા મારી હત્યા કરી

અમદાવાદ શહેરમાં ગુનાખોરીની વધુ એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. દાણીલીમડા વિસ્તારમાં મિત્રએ જ પોતાના મિત્રની છરીના ઘા મારી હત્યા કરી નાખતા વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઈ છે. જુહાપુરામાં રહેતા અમન પઠાણ નામના યુવકની તેના મિત્ર અરબાઝ મણિયારે હુમલો કરીને હત્યા કરી હોવાનું સામે આવ્યું છે. સામાન્ય બોલાચાલી દરમિયાન ઉશ્કેરાયેલા અરબાઝે અમન પર છરી વડે હુમલો કર્યો હતો. ગંભીર રીતે ઈજાગ્રસ્ત બનેલા અમનને તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો, પરંતુ સારવાર દરમિયાન તેનું મોત નિપજ્યું હતું.

મળતી માહિતી મુજબ દાણીલીમડા વિસ્તારના ફૈસલનગરમાં રહેતો અરબાઝ મણિયાર અને જુહાપુરાનો અમન પઠાણ એકબીજાના નજીકના મિત્રો હતા. જોકે છેલ્લા કેટલાક સમયથી બંને પરિવારો વચ્ચે મનદુઃખ અને અણબનાવ ચાલી રહ્યો હતો. આ અણબનાવના કારણે બંને મિત્રો વચ્ચે પણ તણાવ સર્જાયો હોવાનું જાણવા મળ્યું છે. મંગળવારે વહેલી સવારે બંને ફૈસલનગર વિસ્તારમાં આવેલા મેદાન પાસે મળ્યા હતા, જ્યાં કોઈ મુદ્દે બંને વચ્ચે ઉગ્ર બોલાચાલી શરૂ થઈ હતી.

ઘટના બાદ આરોપી અરબાઝ સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો. ઘટનાની જાણ થતા જ દાણીલીમડા પોલીસ સ્ટેશનનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયો હતો અને તપાસ શરૂ કરી હતી. પોલીસે આસપાસના સીસીટીવી ફૂટેજ તેમજ સ્થાનિક લોકોના નિવેદનોના આધારે આરોપીની શોધખોળ શરૂ કરી છે. પોલીસે હત્યારાને ઝડપી પાડવા માટે અલગ અલગ ટીમો બનાવી શહેરના વિવિધ વિસ્તારોમાં તપાસ હાથ ધરી છે.

દાણીલીમડા પોલીસ સ્ટેશનના પીઆઈ સી.ટી. દેસાઈએ જણાવ્યું હતું કે પ્રાથમિક તપાસમાં બંને વચ્ચે બોલાચાલી બાદ હુમલો થયાનું સામે આવ્યું છે. હાલ પરિવારજનોની ફરિયાદના આધારે ગુનો નોંધવાની કાર્યવાહી ચાલી રહી છે. સાથે જ હત્યા પાછળનું ચોક્કસ કારણ શું હતું અને પરિવારિક અણબનાવ કેટલો જવાબદાર હતો તે દિશામાં પણ પોલીસ ઊંડાણપૂર્વક તપાસ કરી રહી છે.

## ચંદ્રાલા નાકા પોઇન્ટ પરથી બે પિસ્ટલ અને કારતૂસ સાથે કર્ણાટકનો યુવક ઝડપાયો

ગાંધીનગર જિલ્લાના ચંદ્રાલા નાકા પોઈન્ટ પાસે ચિલોડા પોલીસે ગેરકાયદેસર હથિયાર હેરાફેરીના મોટા રેકેટનો પર્દાફાશ કર્યો છે. નેશનલ હાઈવે નંબર-૮ પર વાહન ચેકિંગ દરમિયાન દિલ્હીથી અમદાવાદ આવી રહેલી ખાનગી લક્ઝરી બસમાંથી બે હાથબનાવટની પિસ્ટલ અને ૬ જીવતા કારતૂસ સાથે કર્ણાટકના યુવકને ઝડપી લેવામાં આવ્યો હતો. પોલીસે આરોપી પાસેથી મોબાઈલ સહિત કુલ રૂ.૫૫ હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. માહિતી મુજબ, ચિલોડા પોલીસ મથકના પીઆઈ એસ.જે. ચૌહાણની ટીમ ચંદ્રાલા ગામની સીમમાં આગમન હોટલ સામે બેરીકેડ્સ ગોઠવી વાહન ચેકિંગ કરી રહી હતી. તે દરમિયાન હિંમતનગર તરફથી આવી રહેલી દિલ્હી-અમદાવાદ રૂટની જૈન ટ્રાવેલ્સ બસને રોકી મુસાફરોના સામાનની તપાસ હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમિયાન બસના સ્લીપિંગ કોચની નીચેની સીટ પર બેઠેલા એક મુસાફરના ગ્રે રંગના થેલામાંથી કપડાંની અંદર સંતાડીને રાખેલી બે મેગેઝીનવાળી હાથબનાવટની પિસ્ટલ અને ૬ જીવતા કારતૂસ મળી આવ્યા હતા.

### સાણંદના મોરૈયા જીઆઈડીસીમાં કેમિકલ અને સોલ્વન્ટના જથ્થાને કારણે વિકરાળ અગ્નિકાંડ

# મોરૈયા બ્રિજની પાસે આવેલી એસ.ડી પેઇન્ટ્સ કંપનીમાં ધડાકા સાથે આગ લાગતા અફરાતફરી

## સાણંદની પેઈન્ટ્સ કંપનીમાં ભીષણ આગથી હાહાકાર,



અમદાવાદ જિલ્લાના સાણંદ તાલુકાના મોરૈયા જીઆઈડીસી વિસ્તારમાં આવેલી એસડી પેઈન્ટ્સ નામની ખાનગી કંપનીમાં બપોરના સમયે લાગેલી ભીષણ આગે સમગ્ર વિસ્તારમાં હાહાકાર મચાવી દીધો હતો. ચાંગોદર પોલીસ સ્ટેશન હદમાં આવેલા મોરૈયા બ્રિજ નજીક બપોરે લગભગ ૧૨ વાગ્યાની આસપાસ અચાનક આગ ભભૂકી ઊઠતા જોતજોતામાં આખી ફેક્ટરી આગની ઝપેટમાં આવી ગઈ હતી. આગ એટલી વિકરાળ હતી કે ઘટનાસ્થળેથી આકાશમાં ઊંચે સુધી કાળા ધુમાડાના ગોટેગોટા ઉડતા નજરે પડ્યા હતા, જે બાવળા સહિત લગભગ ૧૦ કિલોમીટર દૂર સુધી સ્પષ્ટ દેખાતા હતા.

આગ લાગતાં જ આસપાસની કંપનીઓમાં કામ કરતા લોકોમાં ભારે ભયનો માહોલ સર્જાયો હતો. ઘટનાની જાણ થતાં જ ફાયર વિભાગ, પોલીસ તેમજ સ્થાનિક પ્રશાસનની ટીમો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. આગની ગંભીરતા જોતા ફાયર વિભાગ દ્વારા 'મેજર કોલ' જાહેર કરવામાં આવ્યો હતો અને અમદાવાદ સહિત આસપાસના વિસ્તારોમાંથી વધારાની ફાયર ફાઈટર ટીમો તથા ટેન્કરો બોલાવવામાં આવ્યા હતા. હાલ ૧૮થી વધુ ફાયર બ્રિગેડની ગાડીઓ દ્વારા પાણી અને ફોમનો સતત મારો ચલાવી આગને કાબૂમાં લેવાના પ્રયાસો યુદ્ધના ધોરણે ચાલુ રાખવામાં આવ્યા છે.

પ્રાથમિક માહિતી મુજબ કંપનીમાં મોટા પ્રમાણમાં કેમિકલ, થિનર અને અન્ય જ્વલનશીલ પદાર્થોનો જથ્થો સંગ્રહિત હતો. જેના કારણે આગે જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું. આગ દરમિયાન ધડાકાના અવાજો પણ સંભળાતા લોકોમાં વધુ ગભરાટ ફેલાયો હતો. આગ આસપાસની અન્ય પેઈન્ટ્સ અને કલર બનાવતી કંપનીઓ સુધી ન ફેલાય તે માટે ફાયર વિભાગે વિશેષ કવાયત હાથ ધરી હતી. કેટલાક સ્થળોએ પાછળની કંપનીઓમાંથી પાણીનો મારો ચલાવી આગને કન્ટ્રોલ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

ફેક્ટરીમાં કામદારો હાજર હોવાની માહિતી સામે આવી હતી, પરંતુ સમયસર બહાર નીકળી જતાં કોઈ જાનહાનિ નોંધાઈ નથી. જોકે, ઘટનામાં લાખો રૂપિયાનો માલસામાન બળીને ખાખ થઈ ગયો હોવાનો અંદાજ વ્યક્ત કરવામાં આવી રહ્યો છે. ફાયર ટીમો દ્વારા કંપનીમાં રહેલા કેટલીક સામગ્રીને સુરક્ષિત સ્થળે ખસેડવાની કામગીરી પણ હાથ ધરાઈ હતી જેથી આગ વધુ ભયંકર સ્વરૂપ ન ધારણ કરે. સાંજે ૭ વાગ્યા સુધી પણ આગ સંપૂર્ણપણે કાબૂમાં આવી શકી નહોતી. સતત ભભૂકતી જ્વાળાઓને કારણે સમગ્ર વિસ્તાર ધુમાડાથી ઘેરાઈ ગયો હતો. પોલીસ દ્વારા આસપાસના વિસ્તારમાં સુરક્ષા વ્યવસ્થા ગોઠવી લોકોને દૂર રહેવા સૂચના આપવામાં આવી હતી. ઘટનાસ્થળે મોટી સંખ્યામાં સ્થાનિક લોકો એકત્ર થતાં ટ્રાફિક વ્યવસ્થા પણ પ્રભાવિત થઈ હતી.

ફાયર ઓફિસર મનુભાઈ સોલંકીએ જણાવ્યું હતું કે, મોરૈયા બ્રિજ નજીક આવેલી આ પેઈન્ટ્સ કંપનીમાં સોલ્વન્ટ અને થિનરનો જથ્થો વધુ હોવાથી આગ ખૂબ જ વિકરાળ બની ગઈ છે. આગ આસપાસની અન્ય કંપનીઓ સુધી ન ફેલાય તે માટે સતત પ્રયાસો ચાલી રહ્યા છે. અમદાવાદ અને નજીકના વિસ્તારોમાંથી વધારાની ફાયર ગાડીઓ મંગાવવામાં આવી છે અને ફાયર બ્રિગેડની ટીમો સતત આગ બુઝાવવાની કામગીરીમાં જોડાઈ છે.

# રાજકોટ ગેંગરેપ કેસમાં પાંચ આરોપી ઝડપાયા, દુષ્કર્મ માટે વપરાયેલી સ્વિફ્ટ કાર પણ કબજે



રાજકોટ શહેરમાં ૧૪ વર્ષની સગીરા પર થયેલા સામૂહિક દુષ્કર્મના બનાવે સમગ્ર શહેરને ઝંઝોળી નાખ્યું છે. ભક્તિનગર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદના આધારે પોલીસે અત્યાર સુધીમાં એક સગીર સહિત પાંચ આરોપીઓની ધરપકડ કરી છે, જ્યારે ત્રણ આરોપીઓ હજુ ફરાર હોવાનું સામે આવ્યું છે. પોલીસે જે સ્વિફ્ટ કારમાં સગીરા સાથે ગેંગરેપ આચરાયો હતો તે કાર પણ કબ્જે કરી તપાસનો દોર તેજ કર્યો છે. રાજકોટ એસીપી વી.બી. જાડેજાના જણાવ્યા અનુસાર, જંગલેશ્વર વિસ્તારમાં રહેતી સગીરા સાથે અલગ અલગ સ્થળોએ દુષ્કર્મ અને અંતે સામૂહિક દુષ્કર્મ આચરવામાં આવ્યું હતું. કેસમાં પોલીસે મિહિર કુગશીયા, ધવલ રાઠોડ, સાહિલ ઉર્ફે ઝેરી સહિત પાંચ આરોપીઓને ઝડપી પાડ્યા છે. ધવલ રાઠોડ ટ્રાફિક વિભાગમાં વોર્ડન તરીકે ફરજ બજાવતો હોવાનું સામે આવ્યું છે, જ્યારે મિહિર કુગશીયા અગાઉ નકલી પોલીસ બની લોકો સાથે છેતરપિંડી અને તોડકામના ગુનામાં છ વખત ઝડપાઈ ચૂક્યો હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું છે.

પોલીસ તપાસમાં ચોંકાવનારી વિગતો સામે આવી છે કે આરોપીઓએ સગીરાને પહેલા સોશિયલ મીડિયા દ્વારા વિશ્વાસમાં લીધી હતી. સગીરાની જ એક સગીર વયની સહેલીએ તેને મોબાઈલ ફોન આપ્યો હતો અને ત્યારબાદ ઈન્સ્ટાગ્રામ મારફતે આરોપી ડેવિલ ઉર્ફે સાહિલ સાથે પરિચય કરાવ્યો હતો. વાતચીત દરમિયાન આરોપીએ સગીરાનો વિશ્વાસ જીત્યો અને બાદમાં તેને પોતાના ઘરે લઈ જઈ ડરાવી-ધમકાવી અનેકવાર દુષ્કર્મ આચર્યું હતું. આ પછી અન્ય આરોપીઓ પણ સગીરાના સંપર્કમાં આવ્યા હતા. આરોપી મિહિર કુગશીયાએ પોતે પોલીસ હોવાની ખોટી ઓળખ આપી સગીરાને બસપોર્ટ પાછળ આવેલી હોટલમાં લઈ જઈ દુષ્કર્મ આચર્યું હતું. ત્યારબાદ આરોપી રજાક ઠેબાએ પણ સગીરાને સોશિયલ મીડિયા મારફતે સંપર્કમાં રાખી હોટલમાં લઈ જઈ તેની સાથે અત્યાચાર ગુજાર્યો હતો. ઘટનાની સૌથી હચમચાવી દેનારી કડી ૧૭ મેના રોજ સામે આવી હતી. ફરિયાદ મુજબ, આરોપી રજાક ઠેબા, ધવલ અને આશીક શાહમદારે સગીરાને સફેદ કલરની સ્વિફ્ટ કારમાં બેસાડી લઈ ગયા હતા. ચાલતી કારમાં સગીરાને છરી બતાવી જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી હતી અને ત્યારબાદ ત્રણેય આરોપીઓએ વારાફરતી ગેંગરેપ આચર્યો હતો. પોલીસે આ ગુનામાં વપરાયેલી જીજે-૦૩-પીજે-૪૩૩૦ નંબરની કાર કબ્જે કરી ફોરેન્સિક તપાસ શરૂ કરી છે. પોલીસે બસપોર્ટ પાછળ આવેલી બે અલગ અલગ હોટલો પર પણ તપાસ હાથ ધરી છે. હોટલમાં સગીરાનું આધાર કાર્ડ લેવામાં આવ્યું હતું કે નહીં, ખોટા પુરાવા રજૂ કરાયા હતા કે કેમ અને હોટલ સંચાલકોની કોઈ બેદરકારી હતી કે નહીં તે દિશામાં તપાસ ચાલી રહી છે. જો કોઈ ક્ષતિ સામે આવશે તો હોટલ સંચાલકો સામે પણ કાયદેસરની કાર્યવાહી થશે. આ કેસમાં વધુ એક ચોંકાવનારી માહિતી સામે આવી છે કે ભોગ બનનાર સગીરા સાથે એક વર્ષ પહેલાં પણ દુષ્કર્મ આચરાયું હતું. મે ૨૦૨૫માં નોંધાયેલા તે કેસમાં હાલ કોર્ટમાં કાર્યવાહી ચાલી રહી છે. ઉપરાંત, એપ્રિલ ૨૦૨૬માં સગીરા ઘરેથી નીકળી જતાં તેના પિતાએ ગુમ થવાની ફરિયાદ નોંધાવી હતી. બીજા દિવસે ઘરે પરત ફર્યા બાદ પરિવારના ડરથી તેણે ફિનાઈલ પી આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો અને ત્રણ દિવસ હોસ્પિટલમાં સારવાર લીધી હતી. હાલ ભક્તિનગર પોલીસે આ સમગ્ર મામલે BNSની વિવિધ કલમો તેમજ પોક્સો એક્ટ હેઠળ ગુનો નોંધી તપાસનો વ્યાપ વધાર્યો છે. ફરાર આરોપીઓને ઝડપવા માટે અલગ અલગ ટીમો કાર્યરત કરવામાં આવી છે. સમગ્ર ઘટનાએ રાજકોટ સહિત રાજ્યભરમાં ભારે ચકચાર મચાવી છે.

